
# 8. ગોપાળબાપા



**મનુભાઈ પંચોલી**

**જન્મ : ઈ.સ. ૧૯૧૪ મૃત્યુ : ઈ.સ. ૨૦૦૦**

મનુભાઈ રાજારામ પંચોલી 'દર્શક'નો જન્મ વાંકાનેર પાસેના પંચશિયા ગામમાં થયો હતો. પાંચ ધોરણ સુધી શાળામાં અભ્યાસ કરી શકેલા સર્જકે સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. તેમની જીવનભાવના ઘડવામાં અને વિકસાવવામાં રાષ્ટ્રપિતા ગાંધીજીનો ફાળો રહ્યો છે. શિક્ષણ, સમાજજીવન, જાહેર રાજકારણમાં લોક હિતની પ્રવૃત્તિઓ ઉપરાંત સાહિત્યસર્જન એ દર્શકની પ્રિય પ્રવૃત્તિઓ રહી છે. નવલકથા, નાટક, ચિંતન, ચરિત્ર, વિવેચન, સંપાદન એમ અનેક ક્ષેત્રે લેખનકાર્ય કર્યું છે. તેઓને રાજ્ય અને દેશ કક્ષાએથી પુરસ્કાર મળ્યા છે.

'ઝેર તો પીધાં જાણી જાણી' નવલકથાનું એક પ્રકરણ નવલકથાખંડ છે. નવલકથાએ ગુજરાતી સાહિત્યનું આગવું સ્વરૂપ છે. નવલકથા એટલે વિસ્તારવાળો વાર્તારૂપ વૃત્તાંત. જેમાં અનેક બનાવો, જીવનખંડો હોય છે. તે વિસ્તાર પ્રચુર હોય છે. નવલકથા એટલે જીવનના વ્યાપક અનુભવો આસપાસના જગતની એક સળંગ કથા. જેમાં લેખક સઘળા તંતુ જોડી, રચી અને સળંગ કથાનું સર્જન કરે છે. નવલકથા એટલે અનેક કથાઓની એક કથા છે તેમાં ભાષા કર્મ, જીવન પ્રસંગો, સ્થળ-કાળ ભૂમિકા, રસમયતા, સંવાદ કલા અને પાત્રોનું મનોજગત પ્રમુખ ભૂમિકા ભજવે છે. વ્યાખ્યા કરવામાં આવે તો - 'આનંદ અથવા બોધ અથવા બેઉ પ્રાપ્ત થાય એવા પ્રયોજનથી રચાયેલી, જનસ્વભાવનું વર્ણન કરનાર... મનુષ્યનું કલ્પિત અને યથાતથ લિખિત ચિત્ર તે નવલકથા.'

આ કૃતિ 'ઝેર તો પીધાં જાણી જાણી' નવલકથામાંથી લેવામાં આવી છે. જેથી આ કૃતિને નવલકથાખંડ કહેવાય છે.

નવલકથાખંડમાં એક ચિરંજીવ પાત્ર ગોપાળ બાપાના વ્યક્તિત્વની છબી ઊપસી આવે છે. વાત એમ છે કે, પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસ ગોપાળ બાપાએ પરમાનંદદાસને બોલાવવા માણસ મોકલ્યો. પરમાનંદદાસને પોતાના દિવસ અનુભવની વાત કરે છે. પોતાને તેડવા ગોપાલાનંદ સ્વામી અને લાડુભટ્ટ આવ્યા હતા એમ કહ્યું. હજુ સત્યકામ આવ્યો ન હતો. તે પડવાના દિવસે આવી જવાનો હતો. તેથી પોતાને તેડવા આવેલા ગોપાલાનંદ સ્વામીને બીજના દિવસે આવવા કહ્યું. આટલી વાત થયા પછી બંને દેવાંશી વ્યક્તિઓ ધુમાડામાં ભળી ગઈ અને કંકુના પગલાં રહી ગયાં. પોતાને થયેલા આ અનુભવને છે સહન કરવું... જે સહન કરી શકતો નથી તે જીવી શકતો નથી. જીવતરના ઝેરથી આપણે ડરવાનું નથી... ગભરાવાનું નથી. આપણે તો હસ્તે મોઢે ગટગટાવવાનાં છે, અને ન્યાયની તુલા ઈશ્વરના હાથમાં સોંપવાની છે.

ગોપાળ બાપાના કેટલાક વ્યક્તિત્વ-અંશોનો પરિચય આ પ્રકરણમાં થાય છે. ગુજરાતી નવલકથા સાહિત્યની પાત્રસૃષ્ટિમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર ગોપાળ બાપા મહાન કર્મવાદી હતા. ઈશ્વરના પરમ ભક્ત એવા એમને ઈશ્વરના પાર્ષદો તેડવા આવે છે. આ પાર્ષદોને, સત્યકામ નહીં આવ્યો હોવાથી તે આવ્યા પછી પડવાના દિવસે તેનું રોહિણી સાથે લગ્ન કરાવી બીજના દિવસે તેડવા આવવા વિનંતી કરે છે. મહાન આત્માને જ પોતાના મૃત્યુની અગાઉથી ખબર પડે. માગ્યા દિવસે મૃત્યુ મળે એ કંઈ જેવી તેવી સિદ્ધિ ન કહેવાય !

પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસે પરમાણંદભાઈને વાડીએથી એક જણે આવીને કહ્યું :

'બાપા તમને બોલાવે છે.'

ગોપાળ બાપા એમને કોઈ દિવસ રાત સિવાય બોલાવતા નહિ. કારણ કે એમની નીચે કોઈ ડેપ્યુટી આ નાના સ્ટેશનમાં હતો નહિ. કાંઈક અકસ્માત થયો હશે એમ ધારીને એ ઉતાવળા - ઉતાવળા આવ્યા.

જોયું તો ઘરની પરસાળના જેર ઉપર પલાંઠી વાળીને ગોપાળ બાપા બેઠા હતા. પ્રસન્નતાથી જાણે એમનું મન ઊભરાઈ જતું હતું, ને એમનાં મોં ફરતું જાણે તેજોમંડળ રચાયું હતું.

'આવો દાસ !' એમણે જાણે સ્વપ્નમાં બોલતા હોય તેમ આવકાર આપ્યો, 'આજ તો ગોપાલાનંદ સ્વામી પધાર્યા હતા.'

પરમાણંદદાસ ચમક્યા. એને થયું — ગોપાળ બાપા આ શું બોલી રહ્યા છે ! સ્વસ્થ તો છે ને ? એ કાંઈ પૂછે તે પહેલાં ગોપાળ બાપાએ ઓરડા તરફ જોઈ કહ્યું :

'રોહિણી, તું પેલા માંદા વાછરડાને જોઈ આવ જોઈએ.' રોહિણી જતી હતી ત્યાં કહે : 'આજે દૂધ અહીં લાવવાનું નથી. નિશાળનાં છોકરાંઓને પાઈ દેવાનું છે.'

રોહિણી ગઈ એટલે બેસવા માટે સામેનો પાટલો ચીંધતાં કહે :

'આજે ઊઠીને નાહ્યો, ઘીનો દીવો કરી ધ્યાન કરવા બેસતો હતો ત્યાં જાણે ઘરમાં કોઈક આવ્યું. જોઉં તો બે જણા. ગેરુવા લૂગડાં, પગમાં પાવડીઓ, એક દૂબળા ને બીજા સ્થૂળકાય. બંનેના ચહેરા હસતા હતા.હસે પણ કેવું - દાસ, જાણે આપણે હમણાં ઓગળી જશું, ને શું નિર્મળતા ! શું પરમાણંદદાસ ચમક્યા.

'હું તો ઓળખું નહિ, એટલે કહે... અમે ગોપાલાનંદ ને લાડુભટ્ટ છીએ. શ્રીજી મહારાજે તમને તેડવા અમને મોકલ્યા છે.'

'વાહ પ્રભુ ! વાહ ! દયાધન !' પરમાણંદદાસ બોલી ઊઠ્યા.

મેં કહ્યું કે : 'ભૂલ થઈ હશે, તમને પરમાણંદદાસને બોલાવવા કહ્યું હશે. અમારામાં શ્રીજી મહારાજના ભક્ત તો એ છે.' પણ એ કહે : 'તમને જ સંભારે છે. તમારા પિતામહે શ્રીજી મહારાજની બહુ સેવા કરેલી ને તમેય સૌની સેવા કરો છો.' ત્યાર પછી વિશ્વાસ બેઠો. મેં કહ્યું : 'હું તો તૈયાર જ બેઠો છું. પણ મારો છોકરો ઝરિયા ગયો છે, ને પડવે એ આવવાનો છે,તો બીજને દિવસે આવજો. હું નાહીધોઈ આંહી જ બેસીશ.' 'ભલે.' કહેતાં એ તો જાણે ધોળા ધુમાડામાં ભળી ગયા. ઘડીક એ ઊભા હતા ત્યાં લાલ કંકુનાં પગલાં દેખાણાં. મારી આંખે જાણે બાવાં બાઝતાં હોય તેમ લાગ્યું. ને પછી તો પગલાં પણ અદશ્ય થઈ ગયાં. તરત તમને બોલાવવા માણસ મોકલ્યું. હવે શું સમજું, કહો ?'

પરમાણંદદાસ માથું નમાવી ગદ્‌ગદ કંઠે કહે : 'બાપા, તમે મહાભાગ્યશાળી છો.' પછી આંખનાં હર્ષાશ્રુ લૂછતાં કહે : 'તમે લૂલાંપાંગળાનું કાંઈ ઓછું કર્યું છે ? આ હળાહળ કળિયુગમાં ષડ્‌રિપુઓની કેદમાંથી ઘડીકે કોણ છૂટી શકે છે ?' પછી વળી આંસુ સારવા માંડ્યાં, તેને પરાણે રોકી કહે : 'તમે તો જશો પણ આહીં અમારું કોણ ?'

'અરે દાસ, આંહીને ત્યાં વળી શું ? 'રામ રાખે તેમ રહીએ' એમ કાલે જ ગાતા હતા ને !'

'પણ રામ પાસે રહેવાનો હુલાસ તો જુદો જ છે !'

'પણ તમને બોલાવ્યા હતા તે તો બીજા સારું. તમે ઝરિયા એક અરજન્ટ તાર કરી નાખો - સત્યકામને કે એ તરત જ આવે. હવે સાત દિવસ રહ્યા. નરસિંહ મહેતો સાચો પડ્યો.'

'શું ?'

'એણે દોઢ મહિના પહેલાં કહેલું કે બાપા, તમને બે મહિના પછી અમે નહિ ભાળીએ.'

'પણ આમનાં લગનનું શું ?'

'એટલે જ તાર કરું છું. પડવે એ કરાવીને જ બીજે જવું છે. હું તો છેલ્લી ઘડી સુધી –' પછી જાણે અજુગતું બોલાયું હોય તેમ અટકી ગયા ને હાથ જોડીને કહે, 'હું કોણ ! તારી જ ઇચ્છા પૂરી થાઓ નાથ ! અમારો અધિકાર તો પ્રયત્ન કરી તારી ઇચ્છાને જ સર્વોપરી ગણવાનો! પણ તમે હવે ઊઠો, ઝટ તાર રવાના કરો. મારેય રોહિણીને જરાક તૈયાર કરવી પડશે, નહિતર એ ઢીલી પડી જશે.'

પરમાણંદદાસ ઊઠ્યા.

પણ સત્યકામ વખતસર પડવેએ ન પહોંચી શક્યો. તે સાંજે ગોપાળ બાપાને ઝીણો તાવ આવ્યો, પણ એમણે સૂવાની ના પાડી. બેઠાંબેઠાં ભાગવત વાંચ્યા કર્યું. દી આથમવાને થોડી વાર હતી ત્યાં કાગળિયા લઈને ગામ તરફ નીકળ્યા. નરસિંહ મહેતો હાટમાં બેઠાંબેઠાં ગિરધરકૃત રામાયણ વાંચતા હતા એમણે બૂમ મારી :

'બે ઘડી પોરો ખાતા જાઓ.'

'આ સુરગને ત્યાં જઈ આવું.'

સુરગ ડેલીમાં બેઠોબેઠો નાડી ગૂંથતો હતો તે બાપાને જોઈ એકદમ ઊભો થયો.

'અહોહો ! મારું આંગણું આજ પાવન થયું !'

'બેસ, બેસ, એવી ભાટાઈ કાઠીથી ન થાય. કાઠી તો એક ઘા ને બે કટકા કરે.'

સુરગે હસીને કહ્યું : 'ના બાપા, તમારા આગળ કોઈ દી ખોટું ના બોલું.'

'સાચું કે' છે ?'

'ગળાના સમ.'

'ત્યારે કહો જોઈ, પરમ દિવસે રાત્રે ક્યાં ગયો' તો ?'

સરગ થોથવાઈ ગયો - 'એમાં તમારે શું જાણવું'તું ?' પછી કહે 'ભૂંડ ક્યાં જાય?'

'પણ સિંહ શીદ ને ઓખર કરવા જાય ? પણ જાવા દે, સુરગ, એ વાત આજ તો સુવાણે આવ્યો છું. કેટલાં ઢોર છે ?'

'એક ઘોડું ને ગાવડી રાખી છે.'

'ભેંસું ?'

'ભેસ્યું કાઢી નાખી.'

'શું કે'છ ? સાવ ? યાદ છે : હું આંહી નવોસવો આવ્યો ત્યારે તારી હારે કોક વાર પહર ચારવા આવતો ને આપણે ગામગપાટા મારતા ?'

'ગામગપાટા શેના ? ગનાનવારતા કે'વાત.'

'જ્ઞાનગપાટા, ચાલ ! એક વાર હું વહેલો ઘર તરફ ભેંસો ઘોળીને ચાલી નીકળ્યો ત્યારે તું કહે : 'લ્યો હાલ્યા ! આમ ડોબાં ચરાતાં હશે ? ડોબાને ચરવાટાણું થ્યું ત્યારે હાંક્યાં બડિયો મારીને ઘેર દીમનાં ? ભેંસને આંગળીએ અડાડાતી હશે ! રાખ્યાં ડોબાં !'

'હા, પણ ભેંસો એની મેળે હાલે તો જ હંકાય ને ! તો જ અધમણનાં દૂધ આપે, હો બાપા !'

'પણ તેં ઢોર શું કામ કાઢી નાખ્યા ? તારો ઢોરનો પ્રેમ આટલો બધો છતાં ?'

'વરસોવરસ બસો રૂપિયાની ખોટ જાતી'તી. કપાસિયાની કેવી મોંઘવારી થઈ ગઈ છે ? એ તો વાડીને લીલું ઘાસ હોય તો પરવડે.'

'તારી વાડી તો પોપટ સોનીના મંડાણમાં છે ને ?'

સુરગે હસીને કહ્યું : 'આ ઘર પણ મંડાણમાં છે.'

બાપા ઘડીક ગંભીર થઈ ગયા. 'સુરગ, ઓલમાંય દેણામાં હતો ને ચૂલામાંય દેણામાં : તો પછી ઓલો જ ઠીક હતો ને ?'

સુરગ કાંઈ ન બોલ્યો.

'જો સુરગ, મેં પોપટ પાસેથી તારી વાડી છોડાવી લીધી છે. આ રહ્યાં એનાં કાગળિયાં. ગાયો કે ભેંસો જોતી હોય તો મારે ત્યાંથી બેત્રણ હમણાં લઈ જા. ને ફરીથી ખેડ શરૂ કર. હું બે દિવસ પહેલા પહર ગ્યો'તો. હવે હું જાતો નથી, પણ સત્યકામ નથી એટલે એક દી ગ્યો' તો તે દી આપણી વાતો બહુ યાદ આવી. મને થ્યું કે તું પહર આવે તો પાછી મજા આવે.' સુરગે જાણે કંટાળીને કહ્યું : 'હવે હાડ ન હાલે બાપા !'

'શું કામ ન હાલે ? અત્યારે શું હાડ નથી હલાવતો ? તે દી રાત્રે ઓલ્યાં ગાડાં રોકી પૈસા લીધા તે કાંઈ પથારીમાં પડ્યા પડ્યા લીધા'તા ?'

'પણ બાપા, મારે ટેવ પડી ગઈ છે — થોડોક પીવાની'

'ખોટાં કામ કરવા સારુ એ પીવો પડે છે. બુદ્ધિને બેભાન બનાવ્યા વિના આત્મા કાળું કામ કરવામાં કેમ હા ભાણે ? પણ આ કામમાં એની જરૂર નહિ રહે. તે છૂટી જશે રે'તાં રે'તાં.'

'પણ બાપા, પછી તમારો ઠપકો નહિ આવે ને ?'

'ઠપકો ? બેઠો હઈશ ને અંતર બળશે તો આપીશ જ ને ? ઠપકો હું ન આપું તો કોણ આપે તને ?'

'સાચી વાત છે, તમે ઠપકો આપવા જોગ છો, પણ હિંમત હવે નથી હાલતી, મન તો ઘણુંય થાય છે.' પણ વળી સુરગ ટટાર થઈને કહે, 'ભલે બાપા, તમેય જોજો.' ગોપાળ બાપાએ એના હાથમાં દસ્તાવેજ મૂક્યો ને કહ્યું : 'પોપટ ની પાઈએ પાઈ ચૂકવી દીધી છે, વધારે જાણવું હોય તો નરસિંહ મહેતા પાસે વંચાવી લેજે.'

'તમને મારે શું વ્યાજ દેવાનું છે ?'

'પહર ચારવા જવાનું !' બાપાએ હસીને કહ્યું.

'ના બાપા, વે'વારે તો તમારે લેવું જોઈએ.'

'તુ વે'વારમાં આવ તો ખરો, પછી લઈશ. બસ.'

સુરગ કંઈ ન બોલ્યો, બાપા એના ખભે હાથ મૂકીને કહે : 'જો સુરગવાળા, ભક્તિ સાચે કે ખોટે ભાવે કરીએ તોય સાવ એળે નથી જતી. ખોટી કરતાં-કરતાં સાચી થઈ જાય છે. એના મંદિરમાં તો કાચબા ને ઉંદરડાંનેય સ્થાન છે, તો તારું સ્થાન ત્યાં ન હોય? ગભરાતો નહિ. હોશિયાર થઈ જા. ધૂળ ખંહેરી નાખ્ય ખરડાય છે તો સૌ - શંકર જેવા શંકર ભીલડીમાં નહોતા ખરડાયા ? ખરડાય એની શરમ નથી. આત્માને વીસરી જઈને ભૂંડડાંની જેમ લહેરથી આળોટ્યા કરીએ તેમાં નીચાજોણું છે. બેઠો થઈ જા, ધૂળ ખંહેરી નાખ્ય. પૃથ્વીના જીવ છીં ત્યાં સુધી માટીમાં જીવ તો જાવાનો, પણ એમાં માથું ડુબાડી દેવાય છે કાંઈ ?'

સુરગની આંખ ભીની થઈ ગઈ. અચાનક એ નીચો નમ્યો ને બાપાને પગે અડવા ગયો. 'રાખ્ય રાખ્ય, મને ભોંઠપ આપ્ય મા !' કહી બાપા બહાર નીકળી ગયા.

## ટિપ્પણ

**પડવાને** - (અહીં) મહિનાનો પ્રથમ દિવસ **પરસાળ** - ઘરનો આગલો ખંડ **જેર** - ઉંમરો **મન ઊભરાઈ જવું** - મન આનંદિત થઈ જવું **તેજોમંડળ** - તેજનું કુંડાળું **ગેરુવા** - ભગવો **લૂગડાં** - કપડાં **પાવડી** - પાદુકા, ચાખડી **નિર્મળતા** - પવિત્રતા **વિશ્વાસ** - ભરોસો, ખાતરી **અદૃશ્ય** - દેખાય નહીં તેવું **ગદ્‌ગદ્ કંઠે ગળગળું** - ગળગળા **હર્ષાશ્રુ** - હર્ષના આંસુ **ષડ્‌રિપુ** - મનુષ્યના છ આંતર શત્રુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) **અજુગતું** - અયોગ્ય, અઘટિત **સર્વોપરી** - સર્વના ઉપરી **આથમવાને** - પૂરો થવાને **હાટમાં** - દુકાનમાં **પોરો** - થાક, વિરામ **પાવન** - પવિત્ર **ઓખર કરવા** - ગંદવાડ કરવો **ભાટાઈ** - ખુશામત **સુવાણ** - આરામ **ગનાનવારતા** - જ્ઞાનની વાતો, જ્ઞાનની વાર્તા **હાડ ન હાલે** - શરીર ન ચાલે, કામ ન થાય **ઠપકો** - દોષ બદલ ધમકાવવું, વઢવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ગોપાળબાપા કોને બોલાવે છે ?
2. ગોપાળબાપા રોહિણીને શું આદેશ આપે છે ?
3. ગોપાળબાપાને તેડવા માટે કોણ આવ્યું હતું ?
4. નરસિંહ મહેતાની કઈ વાત સાચી પડી હતી ?
5. ગોપાળબાપાની દૃષ્ટિએ કઈ બાબત નીચાજોણું કરાવે તેવી છે ?
6. અંતે ગોપાળબાપા સુરગને શું કહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. ગોપાળબાપા પરમાણંદભાઈને શા માટે બોલાવે છે ?
2. ગોપાળબાપાને દૈવીદાસો પર ક્યારે વિશ્વાસ બેઠો ?
3. સુરગે ઢોર શા માટે વેચી નાખ્યાં હતાં ?
4. મદ્યપાન અંગે ગોપાળબાપાનું દૃષ્ટિબિંદુ જણાવો.

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. ગોપાળબાપાને થયેલો દિવ્યાનુભવ વર્ણવો.
2. ગોપાળબાપા-સુરગ વચ્ચેનો સંવાદ રજૂ કરો.

**પ્રશ્ન 4. નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે કહો.**

1. ‘આજ તો ગોપાલાનંદ સ્વામી પધાર્યા હતા.’
2. ‘શ્રીજી મહારાજે તમને તેડવા અમને મોકલ્યા છે.’
3. ‘બાપા, તમે મહાભાગ્યશાળી છો.’
4. ‘બે ઘડી પોરો ખાતા જાઓ.’
5. ‘એકઘોડું ને બે ગાવડી રાખી છે’
6. ‘રાખ્ય, રાખ્ય, મને ભોંઠપ આપ્ય મા !’

**પ્રશ્ન 5. રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

૧. ધોળા ધુમાડામાં ભળી જવું. ૨. આંખે બાવા બાઝવાં

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

ચહેરો, પાવન, અંતર, શરમ, રાત્રી

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

વિશ્વાસ, માંદુ, ધ્યાન, ગામ, મોંઘવારી

**આટલું કરો**

1. આધ્યાત્મિક દૃષ્ટિએ નામના ધરાવતી વ્યક્તિ સાથે મુલાકાત કરો.
2. દેવસ્થાનમાં રહેતા આધ્યાત્મિક વ્યક્તિની મુલાકાત લઈ તેમનું ધર્મપ્રત્યેનું ચિંતન જાણો.

•

## સંયોજક - ૨

### ૪ પરિણામવાચક સંયોજક :

જ્યારે એક વાક્યનું પરિણામ કે કાર્ય બીજા વાક્યમાં સૂચવાયું હોય આવા વાક્યોને જોડવાની કામગીરી કરતાં સંયોજકોને પરિણામવાચક સંયોજક કહે છે. આમ, તેથી, એથી, એટલે, માટે, એટલે કે વગેરે જેવા સંયોજકો પરિણામવાચક સંયોજકો છે.

દા.ત. તમે જમવામાં ઉતાવળ કરી એટલે મહેમાને પણ જમવામાં ઉતાવળ કરી.

અહીં એક ક્રિયાનું પરિણામ બીજા વાક્યમાં જોવા મળે છે. તમે જમવામાં કરેલી ઉતાવળ ને પરિણામે મહેમાને પણ ઉતાવળ કરી છે, આમ એક વાક્યનું પરિણામ બીજા વાક્યમાં સૂચવાયું છે તેથી પરિણામવાચક સંયોજક બને છે.

### ૫ પર્યાયવાચક સંયોજક :

પર્યાયવાચી એટલે સમાનાર્થી. જે વાક્યોમાં કે પદોમાં સમાન અર્થ દર્શાવાયો હોય તેવા પદો કે વાક્યોને જોડવાની કામગીરી કરતાં સંયોજકો પર્યાયવાચક સંયોજક કહેવાય છે. એટલે કે અર્થાત્ વગેરે સંયોજકો પર્યાયવાચક સંયોજકો છે.

દા.ત. મેં વેંતિયા એટલે કે વેંત જેટલા નાના માણસોને જોયા નથી.

અહીં પહેલા વાક્યના વેંતિયા પદ(શબ્દ)નો પર્યાય આપ્યો છે. આવા પર્યાયને જોડવામાં આવ્યા હોવાથી પર્યાયવાચક સંયોજક બને છે.

### ૬ કારણવાચક સંયોજક :

જ્યારે પહેલા વાક્યની હકીકતનું કારણ બીજા વાક્યમાં રજૂ થતું હોય ત્યારે કારણવાચક સંયોજક વપરાય છે. કેમકે કારણ કે વગેરે કારણવાચક સંયોજકો છે.

દા.ત. તે જમી શક્યો નહીં કારણ કે બિમાર હતો.

અહીં પહેલા વાક્યની ક્રિયા 'જમી શક્યો નહીં'નું કારણ બિમારી છે. જે બીજા વાક્યમાં દર્શાવાયું છે. આવા કારણ દર્શાવતાા પદો કે શબ્દો કારણવાચક સંયોજક બને છે.

### ૭ શરતવાચક સંયોજક :

શરત અને સંભવિત હકીકત જોડે જે સંયોજકો વપરાય તેને શરતવાચક સંયોજકો કહે છે. જો... તો, જ્યારે... ત્યારે વગેરે શરતવાચક સંયોજકો છે.

દા.ત. જો મહેનત કરશો તો સફળ થશો.

અહીં સફળતાનો આધાર મહેનત પર છે. એક વાક્યમાં દર્શાવેલી પરિસ્થિતિ કે શરત જો પરિપૂર્ણ થાય તો બીજા વાક્યમાં દર્શાવેલી પરિસ્થિતિ ઊભી થાય. અહીં પણ મહેનતની શરત પરિપૂર્ણ થાય તો સફળતા મળે.

**નીચેના વાક્યોમાંથી સંયોજકો જુદા તારવો.**

૧ વૈષ્ણવજન પરદુઃખે ઉપકાર કરે તેમ છતાં મનમાં અભિમાન કરતો નથી.

૨ ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સુ.

૩ કોઈને કલ્પના પણ ન હતી કે આ એની અંતિમયાત્રા બની રહેશે !

૪ જ્યારે આપણી ટેવો સુધરશે ત્યારે આપણે ખરા અર્થમાં શિક્ષિત બનીશું.

૫ નાખનાર તો વગર વિચારે રસ્તા પર છાલ નાંખી દે પણ તેનાથી કોઈને બાર માસનો ખાટલો આવે એટલો પણ ખ્યાલ નહીં રહેતો હોય ?